# મતદાન પૂર્વેની 'કતલની રાત', છેલ્લી ઘડીની તડજોડ

**સમાજના** આગેવાનો, સોસાયટી પ્રમુખો અને ધાર્મિક સંસ્થાઓના શરણે ઉમેદવારો

**અપક્ષો** પાસે સમર્થન જાહેર કરાવવા માટે તડજોડની રાજનીતિ તેજ

સુરત : સુરત મહાનગર પાલિકાની આવતીકાલે યોજાનારી ચૂંટણી પૂર્વે શહેરમાં રાજકીય માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે. મતદાનના એક દિવસ પૂર્વે શનિવારની રાતે શહેરના વિવિધ વોર્ડોમાં 'કતલની રાત' જેવો તણાવપૂર્ણ અને અજંપાભર્યો માહોલ જોવા મળ્યો હતો. ભાજપ, આમ આદમી પાર્ટી, કોંગ્રેસ તેમજ અપક્ષ ઉમેદવારો જીત માટે છેલ્લી ઘડીએ એડીચોટીનું જોર લગાવતા જોવા મળ્યા હતા.

શહેરના અનેક વોર્ડોમાં ઉમેદવારો અને તેમના કાર્યકરો સમાજના આગેવાનો, સોસાયટી પ્રમુખો, યુવા મંડળો તથા ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓના ઘરે મુલાકાતો કરતા નજરે પડ્યા હતા. મતદાન પહેલાં અંતિમ ક્ષણે પોતાના પક્ષ તરફી વાતાવરણ ઉભું કરવા ઉમેદવારો દ્વારા મનાવવાની રાજનીતિ શરૂ થઈ હતી. જ્યાં જ્યાં જ્ઞાતિ અને સમાજનું પ્રભુત્વ છે તેવા વિસ્તારોમાં ઉમેદવારો દ્વારા સમાજના અગ્રણીઓ સાથે બંધ દરવાજાની બેઠકો યોજાઈ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. કેટલાક વિસ્તારોમાં ચોક્કસ સમાજના મતો એકતરફી મેળવવા માટે ખાસ પ્રયત્નો કરાયા હતા. બીજી તરફ અપક્ષ ઉમેદવારોને છેલ્લી ઘડીએ સમર્થન જાહેર કરાવવા માટે પણ ભારે રાજકીય દોડધામ જોવા મળી હતી.

કેટલાક વોર્ડોમાં મુખ્ય પક્ષોના ઉમેદવારો દ્વારા અપક્ષ ઉમેદવારો સાથે મત વહેંચાણી અટકાવવા તડજોડની રાજનીતિ હાથ ધરાઈ હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. ક્યાંક સમર્થન બદલ ભવિષ્યમાં રાજકીય સ્થાન, તો ક્યાંક સ્થાનિક પ્રશ્નોના ઉકેલના વચનો આપવામાં આવ્યા હોવાની પણ ચર્ચા છે. મતદાન પહેલાની આ અંતિમ રાત્રે ઉમેદવારો માટે દરેક મત કિંમતી બની ગયો છે. ખાસ કરીને કટોકટીની ટક્કર ધરાવતા વોર્ડોમાં આખી રાત સંપર્ક અભિયાન, ફોન કોલ, ડોર ટુ ડોર મુલાકાતો અને સૂક્ષ્મ સ્તરે મતદારોને રીઝવવાના પ્રયાસો ચાલુ રહ્યા હતા. રાજકીય વિશ્લેષકોના મતે, આ ચૂંટણીમાં અનેક વોર્ડોમાં હાર-જીતનો અંતર ઓછો રહેવાની શક્યતા હોવાથી છેલ્લી રાતનું મેનેજમેન્ટ જ પરિણામ નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. તેથી જ સુરત શહેરમાં મતદાન પૂર્વેની આ રાત રાજકીય રીતે અત્યંત નિર્ણાયક બની ગઈ છે.

## ચૂંટણીમાં જ્ઞાતિ સમીકરણો હાવી, સિંગલ-ક્રોસ વોટિંગનો ઉમેદવારોને ભય

સુરત :મહાનગર પાલિકાની ચૂંટણીમાં આ વખતે રાજકીય પક્ષો સામે અનેક વિસ્તારોમાં ઉગ્ર અસંતોષનું વાતાવરણ સર્જાયું છે. ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ઉમેદવારોનો ઠેર ઠેર વિરોધ થયા બાદ હવે ઉમેદવારોમાં અજંપાભરી સ્થિતિ જોવા મળી રહી છે. ખાસ કરીને ટિકિટ ફાળવણીમાં સમાજગત સમીકરણોને અવગણાયા હોવાના આક્ષેપો વચ્ચે વિવિધ જ્ઞાતિઓમાં રોષ ફાટી નીકળ્યો છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં જ્યાં પ્રજાપતિ, ખત્રી, કોળી પટેલ, કણબી પટેલ, રાજસ્થાની સમાજ સહિતની જ્ઞાતિઓનું પ્રભુત્વ છે, ત્યાં પોતાના સમાજના ઉમેદવારને ટિકિટ ન આપનાર પક્ષો સામે નારાજગી જોવા મળી રહી છે. જેના કારણે અંદરખાને પોતાના સમાજના ઉમેદવારને જ મત આપવાની અપીલ કરતાં મેસેજો સોશિયલ મિડિયામાં ફરતા થયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. કેટલાક વિસ્તારોમાં સમાજોની બેઠક અને મીટિંગ્સ યોજાઈ હોવાનું પણ સામે આવ્યું છે. જેના કારણે આ ચૂંટણીમાં પરંપરાગત પાર્ટી લાઇનથી હટીને સિંગલ વોટિગ તેમજ ક્રોસ વોટિગ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ પરિસ્થિતિથી ખાસ કરીને મુખ્ય પક્ષોના ઉમેદવારોમાં હારવાનો ભય વધ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. રાજકીય નિરીક્ષકોના મતે ભાજપ સહિતના પક્ષોએ સમયસર અસંતોષિત સમાજોને મનાવવા અને ડેમેજ કંટ્રોલ કરવા પૂરતા પ્રયાસો કર્યા નથી. પરિણામે હવે ઉમેદવારો માટે પોતાના વ્યક્તિગત પ્રભાવ અને સંપર્કોના આધારે મત ખેંચવાની કસોટી ઊભી થઈ છે. અનેક વોર્ડમાં ઉમેદવાર પોતાના દમ પર કેટલા મત મેળવી શકે છે, તેના પર જ હાર-જીતનો મદાર રહેલો હોવાથી ચૂંટણી જંગ વધુ રસપ્રદ બન્યો છે.

## એંગ્લો ઉર્દુ હાઈસ્કૂલની ચૂંટણીમાં તમામ ૨૧ સભ્ય બિનહરીફ

**કેપી-કાદરી** ખિદમત પેનલની સર્વશ્રેષ્ઠ શૈક્ષણિક ગતિવિધિઓને દરેક સમાજે વધાવી લીધી



સુરતઃ ૮૦ વર્ષ ઉપરાંતથી શહેરના મધ્યમાં ચાલતી ધી સુરત ડિસ્ટ્રીક્ટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી (એંગ્લો ઉર્દૂ હાઈસ્કૂલ) ની ચૂંટણીમાં કેપી-કાદરી ખિદમત પેનલના ૨૧ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. આ પેનલની પાછલા વર્ષોની સર્વશ્રેષ્ઠ શૈક્ષણિક વિવિધ ગતિવિધિઓને સાત હજારથી વધુ બાળકોના હિતમાં વધાવી લેવાય હતી અને નિર્વિઘ્ન આજ ટીમને ફરી સત્તાનું સુકાન આપવાનું નક્કી કરાયું હતું.

એંગ્લો ઉર્દુ હાઈસ્કૂલના પ્રમુખ એડવોકેટ ડૉ.નસીમ જી. કાદરી અને જનરલ સેક્રેટરી અબ્દુલહઈ અબ્દુલ્લઅઝીઝ મુલ્લાએ ટીમ વતી જણાવ્યું હતું કે, અમારી ટીમે કરેલા કાર્યો માટે સમાજે તથા સમાજના વડીલો અને શ્રેષ્ઠિઓએ અમને ખૂબ જ સહકાર આપ્યો છે. સમાજનો બિનહરીફ અમને ફરી સુકાન આપવાનો અર્થ અમારા પ્રતિ તેમનો વિશ્વાસ ધરાવે છે અને શિક્ષણ ક્ષેત્રે, સાત હજાર વિદ્યાર્થીઓના બહેતર ભવિષ્ય માટે અમારી જવાબદારીમાં વધારો કરે છે. અમે પ્રત્યેકનો આભાર વ્યક્ત કરીએ છીએ.

## જી. ડી. ગોએન્કા સ્કૂલ ખાતે ઇન્વેસ્ટિચર સમારોહ યોજાયો




જી. ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરતમાં 18 એપ્રિલ 2026ના રોજ ગૌરવ અને ઉત્સાહ સાથે ઇન્વેસ્ટિચર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ પ્રસંગે શૈક્ષણિક વર્ષ 2026-27 માટે સ્ટુડન્ટ કાઉન્સિલની ઔપચારિક નિમણૂંક કરવામાં આવી. હેડ બોય અને હેડ ગર્લ, ડેપ્યુટી હેડ બોય અને ડેપ્યુટી હેડ ગર્લ, ટ્રેઝરર બોય અને ટ્રેઝરર ગર્લ, હેડ પ્રીફેક્ટ બોય અને હેડ પ્રીફેક્ટ ગર્લ, કલ્ચરલ બોય અને ગર્લ, ડેપ્યુટી કલ્ચરલ બોય અને ગર્લ તેમજ ચાર હાઉસ કેપ્ટન, ડેપ્યુટી હાઉસ કેપ્ટન અને પ્રીફેક્ટના પદ લાયક વિદ્યાર્થીઓને સોંપવામાં આવ્યા. આ સમારોહમાં સુરત આઈટીના એડિ. ડિરેક્ટર દીપેન્દ્ર, ડો. શ્રુતિ અગ્રવાલ સહિત અન્યો હાજર રહ્યા હતા.

## ચેમ્બરની મેનેજિંગ કમિટીની ચૂંટણીમાં 48 ઉમેદવાર મેદાનમાં

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મેનેજિંગ કમિટીની ચૂંટણી શનિવાર, તા. 2 મે,2026ના રોજ યોજાશે. ચેમ્બરની મેનેજિંગ કમિટીની ચૂંટણી,44 બેઠકો સામે 48 ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે. ગોલ્ડ,પેટ્રન કેટેગરીની બેઠકો બિનહરીફ થઈ,માત્ર લાઈફ મેમ્બર કેટેગરીમાં 44 ની સત્તાધારી પેનલ સામે 4 ઉમેદવારો ચૂંટણી લડશે. ચેમ્બરની સત્તાધારી પેનલના 44 ઉમેદવારો,ત્રણ વિપક્ષી ઉમેદવારો અને 1અપક્ષને જુદા જુદા ચિહ્નોની ફાળવણી કરવામાં આવી છે. મેનેજિંગ કમિટીની ચૂંટણી શનિવાર, તા. 2 મે, 2026 ના રોજ સવારે 9થી સાંજે 5 કલાકના સમયગાળા દરમ્યાન પ્લેટિનમ હોલ, સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે મતદાન થશે.

## લઘુમતી વિસ્તારોમાં UCC-NRC, અને અશાંતધારોનાં પોસ્ટરો લાગ્યાં

**મતદાનના** આગળના દિવસોમાં જ લાગેલા પોસ્ટરને કારણે મતોનું ધ્રુવીકરણ થવાની સંભાવના




સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચારના પડઘમ શાંત થયા બાદ, જ્યારે ઉમેદવારો ડોર-ટુ-ડોર સંપર્કમાં વ્યસ્ત હતા, ત્યારે શહેરના લઘુમતી બહુલ વિસ્તારો લિંબાયત મીઠી ખાડી, ચોકબજાર વિસ્તારમાં રાતોરાત લાગેલાં પોસ્ટર્સે વહીવટી તંત્રની ઊંઘ ઉડાડી દીધી છે.

અજાણ્યા શખ્સો દ્વારા લગાવવામાં આવેલાં આ પોસ્ટર્સમાં સ્પષ્ટ લખાયું છે કે, ''વો અશાંતધારા લાયે, વો યુસીસી (UCC), એનઆરસી (NRC) લાયે, હમ આમ આદમી પાર્ટી કો લાયેંગે.'' આ લખાણ દ્વારા મતદારોના માનસ પર સીધી અસર પાડવાનો અને અશાંતધારા તેમજ યુસીસી (UCC) જેવા વિવાદાસ્પદ મુદ્દાઓને ફરી જીવંત કરી મતોનું ધ્રુવીકરણ કરવાનો સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

મતદાનના બરાબર 24 કલાક પહેલા જ આવા સંવેદનશીલ મુદ્દાઓને ઉછાળવામાં આવતાં શહેરનાં રાજકીય સમીકરણોમાં અચાનક મોટા ઉથલપાથલની શક્યતા જોવા મળી રહી છે. અંતિમ ઘડીએ લઘુમતી મતોને એકજૂટ કરવાના આ પેંતરાએ સુરતના શાંત વાતાવરણમાં ઉશ્કેરણી પેદા કરી છે. ખાસ કરીને લઘુમતી વિસ્તારોમાં આ પ્રકારનાં પોસ્ટર્સ લાગવાથી અન્ય વિસ્તારોમાં પણ વળતું ધ્રુવીકરણ થવાની ભીતિ સેવાઈ રહી છે, જે અંતે ચૂંટણીનાં પરિણામોના ગણિતમાં બદલાવો લાવી શકે છે.

## મોટા વરાછામાં કબ્રસ્તાનની જગ્યામાં રાતોરાત રસ્તો બનાવી દેવામાં આવ્યો

**આ રસ્તો** બનાવવા માટે ઘણા સમયથી માંગણીઓ કરવામાં આવી રહી હતી

**મતદાનના** એક દિવસ પહેલા જ મનપાએ રસ્તો બનાવીને લોકોની માંગણી સંતોષી



સુરતઃ મોટા વરાછામાં સવજી કોરાટ બ્રિજના નાકે રસ્તાના આયોજનમાં નડતરરૂપ કબ્રસ્તાનની જગ્યામાંથી શનિવારે રાત્રે રસ્તો બનાવવાની કામગીરી મહાપાલિકા દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ રસ્તાને કારણે મોટા વરાછામાં લોકોને વધુ એક નવી સુવિધા મળી છે.

મળતી માહિતી પ્રમાણે, મોટા વરાછા વિસ્તારમાં સવજી કોરાટ બ્રિજના નાકે બ્લોક નંબર 677, ફાઈનલ પ્લોટ નંબર 108માં સુરતી સુન્ની વોહરા કબ્રસ્તાન અસ્તિત્વમાં આવેલું છે. આ વિસ્તારમાંથી 36 મીટર પહોળો ડીપી રોડ પસાર થતો હોવાથી ટીપી સ્કીમમાં તે મુજબનો માર્ગ સૂચિત કરવામાં આવ્યો હતો. પરંતુ રસ્તાની અસર હેઠળ આવતી કબ્રસ્તાનની જમીનનો કબજો સુરત મહાનગરપાલિકાને ન મળતા સ્થળ પર લાંબા સમયથી બોટલ નેક તથા બ્લાઈન્ડ સ્પોટ જેવી સ્થિતિ સર્જાઈ હતી. જેના કારણે આ માર્ગ પર અવારનવાર જીવલેણ અકસ્માતોની ઘટનાઓ બનતી હતી અને સ્થાનિકોમાં ભારે ચિંતા વ્યાપી હતી. આ પ્રશ્નના નિરાકરણ માટે મહેફીલે ઈસ્લામના ટ્રસ્ટીઓ સાથે અનેક બેઠક યોજાઈ હતી. ચર્ચા બાદ અંદાજિત 38 મીટર લંબાઈ અને સરેરાશ 7 મીટર પહોળાઈ જેટલી કબ્રસ્તાનની જમીનનો કબજો મેળવી રસ્તો ખુલ્લો કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. મનપાએ માર્ગ નિર્માણની કામગીરી શરૂ કરતાં ટ્રાફિક સમસ્યા હળવી બનશે અને અકસ્માતોમાં ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## મહંત-શિક્ષિત OBC મહિલાથી વોર્ડ નં.23માં કોંગ્રેસ જોરમાં

**કોંગ્રેસની** પેનલમાંથી ઉધના ભીડભંજન મહાદેવના જયેશભાઈ ભટ્ટે ઝંપલાવ્યું છે



સુરતઃ સુરત મહાપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં.23 (બમરોલી-ઉધના ઉત્તર)માં ઓબીસી મહિલા બેઠકના મામલે કોંગ્રેસના ઉમેદવાર મેદાન મારે તેવી શક્યતાઓ દર્શાવવામાં આવી રહી છે. આ વોર્ડમાં આપની કોઈજ ઓબીસી મહિલા ઉમેદવાર નથી. જ્યારે ભાજપ તરફથી ગીતાબેન રબારી અને કોંગ્રેસમાંથી શિક્ષિત મહિલા તરીકે રેશ્માબેન મૂલચંદદાસ ચૌહાણે ઉમેદવારી કરી છે. રેશ્માબેન ચૌહાણ એમ.કોમ., બી.એડ. સુધી ભણેલા છે અને શિક્ષક છે. જ્યારે ઉધનાના ભીડભંજન મહાદેવના મહંત જયેશભાઈ ભટ્ટની ઉમેદવારીને કારણે આ વોર્ડમાં કોંગ્રેસની પેનલનું મજબુત વાતાવરણ બન્યું છે.આ વોર્ડમાં કોંગ્રેસમાંથી ઉધનાના ભીડભંજન મહાદેવના મહંતે ઝંપલાવ્યું હોવાથી આ વોર્ડમાં ચૂંટણી રસપ્રદ બની છે. આ વોર્ડમાં ભાજપ દ્વારા ગુજરાતીઓની કરાયેલી અવગણના ભાજપને આ વખતે ભારે પડે તેવી સંભાવના જોવામાં આવી રહી છે.

સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં ઉમેદવાર બનાવવા માટે

## 'આપ'ના પ્રભારી દ્વારા ટિકિટના નામે ત્રણ લાખ લઈ છેતરપિંડી

**આપના** દિલ્હીના પ્રભારી આકાશ મિશ્રા અને ઓમપ્રકાશે ટિકીટ અપાવવા માટે આપના જ આગેવાન પાસે 18 લાખ માંગ્યા

સુરતઃ આમ આદમી પાર્ટીના દિલ્હીના પ્રભારીએ સુરત મનપાની ચૂંટણીમાં ટિકીટ આપવાના નામે 3 લાખ લઈને છેતરપિંડી કરી હોવાની પોલીસ ફરિયાદ સરથાણા પોલીસમાં નોંધાવા પામી છે.

સરથાણાના શ્યામધામચોક નજીક આવેલી સાંઈકૃપા સોસાયટીમાં રહેતા કાપડના વેપારી નવનીત ચંદુભાઈ નાવડિયા (ઉ.વ.33) એ નોંધાવેલી ફરિયાદ મુજબ તે 2021ના વર્ષમાં આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. જેના કારણે દિલ્હીના પ્રભારી આકાશ મિશ્રા અને ઓમપ્રકાશ સાથે પરિચય થયો હતો. નવનીતભાઈએ ચૂંટણી લડવાની ઈચ્છા આકાશ મિશ્રા સમક્ષ રજૂ કરી. તેણે ઓમપ્રકાશને મળી લેવાનું કહ્યું. જેથી નવનીત નાવડિયાએ ઓમપ્રકાશનો સંપર્ક કર્યો તો ટિકિટ અને મેન્ડેટ જોઈતા હોય તો પાર્ટીને અને પોતાને ફંડ આપવું પડશે તેમ કહી રૂ. 18 લાખ આપવાની માગણી કરી હતી.આખરે રૂ. 8 લાખ આપવાનું નક્કી થયું હતું. જેના ભાગરૂપે બે તબક્કામાં 3 લાખ રૂપિયા લઈ લીધા હતા.

આ નાણાં લીધા બાદ પહેલા નવનીતને ટિકીટ આપવાનો ઈન્કાર કર્યો અને તેની પત્નીને ટિકીટ આપવાની તૈયારી બતાવી હતી. જેને પગલે નવનીતે તેની પત્નીને ઉમેદવારી ફોર્મ ભરાવી દીધું હતું પરંતુ તેમ છતાં તેની પત્નીના નામનું પણ મેન્ડેટ આવ્યું નહોતું. જેથી છેતરાયાની જાણ થતાં નવનીતે ફરિયાદ કરી હતી.

### પાર્ટી કો ફંડ ચાહિયે ઔર વો મેન્ડેટ સે હી મિલતા હૈ

જ્યારે નવનીત નાવડિયા તા. 8-3-26ના રોજ કતારગામ દરવાજા નજીક આપના કાર્યાલયની સામે ઓમપ્રકાશને મળ્યા ત્યારે તેણે એવી વાત કરી હતી કે, ચુનાવ ઐસે હી નહીં લડા જા શકતા હૈ, ઉસકેલિયે પાર્ટી કા મેન્ડેટ ચાહિયે, પાર્ટી આપકો ટિકિટ દેતી હૈ ઔર સાથમેં મેન્ડેટ દેતી હૈ તો ચુનાવ લડકર કોર્પોરેટર બન શકતે હો વરના નહીં. પાર્ટી કો ફંડ ચાહિયે ઔર વો મેન્ડેટ સે હી મિલેગા જીસે મેન્ડેટ ચાહિયે વો મુઝે ઔર પાર્ટી કો પૈસે દેતે તો મેન્ડેટ મિલ શકતા હૈ. એક તબક્કે ઓમપ્રકાશે એવું પણ કહ્યું હતું કે આ વખતે સુરતમાં આમ આદમી પાર્ટી સત્તા પર આવશે. તું કોર્પોરેટર બનીશ તો આ રૂ. 18 લાખ તો એક મહિનામાં જ કમાઇ લઈશ.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉત્કર્ષ ડાન્સ એકેડેમીની 8 વિદ્યાર્થિનીઓનું આજે આરંગેત્રમ્



સુરતઃ સુરતની જાણીતી ભરતનાટ્યમની ડાન્સ એકેડમી, ઉત્કર્ષ ડાન્સ એકેડમીની ૮ વિદ્યાર્થીનીઓ આન્યા જૈન, આરિકા મેહતા, અન્વી ચૌહાણ, હિયા પટેલ, બનક શાહ, પહલ શાહ, રીવા જરીવાલા અને પ્રિયા કહરનું રવિવાર, તા. ૨૬ એપ્રિલ ૨૦૨૬ ના રોજ સંજીવકુમાર ઓડીટોરીઅમ, પાલ ખાતે આરંગેત્રમ્ આયોજિત કરવામાં આવ્યું છે. જેમાં ભરતનાટ્યમમાં નવા પ્રયોગો દ્વારા નવી કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવશે. આ કોરિઓગ્રાફીનો શ્રેય એકેડમીના આર્ટ ડીરેક્ટર બેહનાઝબેનના નેજા હેઠળ તેમની ટીમના અનુભવી શિક્ષક માનસી શાહને જાય છે.

### ધર્મ લોકોને બતાડવા માટે કરવાનો નથી: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઇઃ મુંબઇ બોરીવલી (વેસ્ટ) શ્રી મંડપેશ્વર શ્વે મૂ.પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થઇ હતી. આ રૂડા પ્રસંગે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભાને સંબોધતા જણાવ્યું હતું કે, પ્રભુનું શાસન સંપત્તિમાનો અને શક્તિમાનોથી ચાલતું નથી પણ પ્રભુનું શાસન સર્વવિરતિધરોથી ચાલે છે. જ્યાં સુધી ધર્મનું સામ્રાજ્ય છે ત્યાં સુધી બાહ્ય આક્રમણો આપણને પરાસ્ત કરી શકતા નથી. ધર્મનો પ્રવાહ ઘટે છે ત્યારે જ જીવનમાં અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિઓની શરુઆત થાય છે. ધર્મ લોકોને બતાડવા માટે કરવાનો નથી. ધર્મ આત્માની ઉપર રહેલા કર્મસેનાની સામે સંગ્રામ ખેલવા માટે કરવાનો છે. જો તમે ધર્મની રક્ષા કરશો તો ધર્મ તમારી રક્ષા કરશે.

### સુરતના યુવાન દિગ્દર્શકની ઈચ્છામૃત્યુ પરની મર્સી ફિલ્મ રિલીઝ થઇ



સુરતઃ ઈચ્છામૃત્યુ વિષય પર બનેલી સુરતના યુવાન દિગ્દર્શક મિતુલ પટેલની 'મર્સી' ફિલ્મ ગત તા.24મી એપ્રિલના રોજ થિયેટરોમાં રિલીઝ થઈ હતી. ફિલ્મના લેખક, નિર્માતા અને દિગ્દર્શક મિતુલ પટેલ તથા આ ફિલ્મના કો-પ્રોડ્યુસર અને એક્ટર નિરજ (રાજ) વાસુદેવાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આ ફિલ્મનું શૂટિંગ માત્ર 170 દિવસમાં પૂરું કરવામાં આવ્યું હતું. ફિલ્મનું ટ્રેલર કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2024ના ઇન્ડિયન પેવેલિયનમાં લોન્ચ થયું હતું. આ ફિલ્મે લંડન ઇન્ડિપેન્ડન્ટ ફિલ્મ ફેસ્ટિવલ માટે બેસ્ટ ઇન્ટરનેશનલ ફ્યુચર ફિલ્મ, જયપુર ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં મિતુલ પટેલને બેસ્ટ ડેબ્યુ ડિરેક્ટર અને ફિલ્મના કો-પ્રોડ્યુસર અને એક્ટર નિરજ (રાજ) વાસુદેવાને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો.આ ફિલ્મ આગામી સમયમાં યુનિવર્સલ લેવલ પર બેલ્જિયમ, લકઝમબર્ગ, હોલેન્ડમાં રિલીઝ કરાશે. પરિષદમાં મિતુલ પટેલના ફાધર ભાવેશ પટેલ, ડુમસ વિસ્તારના અગ્રણી નરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા.

### શ્રી સુમોવ અઠવા પંચ મહિલા મંડળની મિટિંગ યોજાઈ



સુરતઃ શ્રી સુરતી મોઢ વણીક અઠવા પંચ મહિલા મંડળની મીટીંગનું આયોજન પ્રમુખ ભારતીબેન દૂધવાળા અધ્યક્ષસ્થાને અને સંચાલન મંડળના પ્રમુખ માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રસિદ્ધ નાટ્યકાર વૈભવ દેસાઈ અને પ્રદીપભાઈ જડિયાજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સર્જનાત્મક લેખન અને રંગમંચ ક્ષેત્રે પોતાના અનુભવો અને વિચારો રજૂ કરી સભ્યોને પ્રેરણા આપી હતી. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ ગૌરવ આપ્યું હતું. કાર્યક્રમની સફળતા માટે અમીશા ગાંધી, અનિશા પટેલ, મીતાબેન ગાંધી, સુનિતા પપૈયા, ભાવના શેઠ, જ્યોતિ ગાંધી અને પ્રીતિ શાહે ઉત્તમ વ્યવસ્થા સંભાળી હતી.

### કતારગામની દિવ્યાંગ ધો.6ની વિદ્યાર્થિનીને કુત્રિમ હાથ આપવામાં આવ્યો



સુરતઃ કતારગામની દિવ્યાંગ ધોરણ-6ની વિદ્યાર્થિનીને નિરામય ચેરીટેબલ ટ્રસ્ટ અને PNB હાઉસિંગ ફાઇનાન્સ દ્વારા કુત્રિમ હાથ આપવામાં આવ્યો હતો. જન્મથી જ હાથમાં અક્ષમતા ધરાવતી સૃષ્ટિ રમેશભાઈ ઉનાગરને સહાય અને પ્રોત્સાહન આપવા માટે નિરામય ચેરીટેબલ ટ્રસ્ટ અને PNB હાઉસિંગ ફાઇનાન્સને માનવીય સેવાકીય અભિગમનો અનુભવ થયો છે. સૃષ્ટિ હાલમાં ધોરણ-6માં અભ્યાસ કરે છે અને પોતાના દૈનિક જીવનમાં અનેક પડકારો વચ્ચે પણ અભ્યાસ અને પ્રગતિ માટે પ્રયત્નશીલ છે. આ પ્રસંગે ટ્રસ્ટના ડો. હરિપ્રકાશ તથા નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બંનેએ સૃષ્ટિ અને તેના પરિવાર સાથે મુલાકાત કરી, તેમજ સૃષ્ટિને પોતાની મર્યાદાઓને પાર કરી આગળ વધવા પ્રોત્સાહિત કરી હતી.

### અધ્યાપક અર્જુન ડાયમાં પીએચ.ડી. થયા



સરકારી વિનયન, વાણિજય અને વિજ્ઞાન કોલેજ, લિંબાયતમાં કાર્યરત કોમર્સ/અકાઉન્ટન્સી વિભાગમાં કોમર્સ વિષયના મુલાકાતી અધ્યાપક અર્જુનકુમાર મુન્નાલાલ ડાયમાએ રજૂ કરેલા મહાશોધ નિબંધ A Study on Consumer Perception and Usage of Online Payinent System with Special Reference to Surat District ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી કોમર્સ/અકાઉન્ટન્સી વિષયમાં પીએચ.ડી. ની પદવી એનાયત કરી છે. તેમણે આ મહાશોધ નિબંધ જે. ઝેડ. શાહ આર્ટસ અને એચ. પી દેસાઈ કોમર્સ કોલેજના કોમર્સ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.Chirag Kishorkumar Sidhpuria ના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. આ બદલ સરકારી વિનયન, વાણિજય અને વિજ્ઞાન કોલેજ, લિંબાયતના આચાર્ય ડો.મેઘના અધ્વર્યુ, અને સ્ટાફ સભ્યોએ હાર્દિક અભિનંદ પાઠવ્યા છે.